PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૪/૧૫–૧૬/ 3598 તા. 96/08/95

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સામતભાઈ નથુભાઈ લગરીયા,
ગામ: મોટા આસોટા,
તા.ખંભાળીયા
જી: દેવભુમી દ્વારકા,
મો : ૮૫૧૧૮ ૭૬૬૬૮

વિષય :–ખેત વિષયક જોડાણ મા નામ બદલી અને પુનઃ જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૪૧/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 02 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02/B

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\ALL CIRCLE\MASTER OF MAIL MERGE\JAMKHAMBHALIYA DIVISION\JMKH.doc-LINE - 190

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૧/કવા–૦૪/૧૫–૧૬ કમિટિ મીટીંગ તા.૧૬–૦૪–૧૬ સ્થળ :–જામખંભાળીયા

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: સામતભાઈ નથુભાઈ લગરીયા, ગામ: મોટા આસોટા
રજુઆત કરનાર : અરજદાર શ્રી સામતભાઈ નથુભાઈ લગરીયા હાજર રહેલ હતા

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)
રજુઆત કરનાર : ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર કે.એ.કરમુર, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

---

## : હુકમ:

**ફરીયાદ : ખેત વિષયક જોડાણ મા નામ બદલી અને પુન: જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓના ગામ : મોટા આસોટા ખાતે આવેલ, કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૯૮૦/૦૦૧૫૩/૩ મા નામ બદલી તથા જોડાણ ને પુન: ચાલુ કરવાની, રૂ.૩૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, અરજદારે તા.૨૭–૦૮–૧૦ ના રોજ, પીજીવીસીએલ ની વડત્રા પેટા વિભાગીય કચેરી મા અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી નામ બદલી સાથે પુન: જોડાણ થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

**૨.૧** ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ નુ, મુળ ગ્રાહક શ્રી નથુભાઈ હમીરભાઈ લગરીયા ના નામનુ, તેઓના ગામ : મોટા આસોટા ખાતે આવેલ, તા.૧૦–૦૬–૨૦૦૮ ના રોજ કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૯૮૦/૦૦૧૫૩/૩, જે – મુળ ગ્રાહક શ્રી નથુભાઈ હમીરભાઈ લગરીયા ના નામ પરથી, ફરીયાદી અરજદાર શ્રી સામતભાઈ નથુભાઈ લગરીયા ના નામ પર, નામ બદલી અને પુન: જોડાણ ચાલુ કરવાની, રૂ.૩૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને કરાયેલ તા.૨૭–૦૮–૧૦ ના રોજ ની અરજી સાથે, જે તે સમયે પીજીવીસીએલ ની વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી, શરતચુક થી, નામ બદલી અને પુન: જોડાણ ચાર્જ ની કુલ રકમ તા.૨૭–૦૮–૧૦ ના રોજ રૂ.૫૦૦/– (રૂ. ૨૦૦/– + રૂ.૩૦૦/– = રૂ.૫૦૦/–) વસુલ થવાને બદલે, માત્ર રૂ.૩૦૦/– જ વસુલ થયેલ છે. જયારે, રૂ.૨૦૦/– પુન: જોડાણ ચાર્જ વસુલ થયેલ ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી નો સદર નામ બદલી અને પુન: જોડાણ વાળો, સદર ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૯૮૦/૦૦૧૫૩/૩ વાળો કેઈસ વર્તુળ કચેરી કક્ષાએથી પત્ર વ્યહવાર હેઠળ પડતર રહેલ છે. જેથી, હવે અરજદાર પાસેથી વધારાના (બાકી રહેતા) રૂ.૨૦૦/– નોંધણીચાર્જ વસુલ કરીને, એ મુજબ કુલ રૂ.૫૦૦/– ની નોંધણીચાર્જ ( નામ બદલી અને પુન: જોડાણ ) ની વસુલાત કરીને, અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન પ્રક્રીયા હેઠળ, નિરાકરણ કરવામા આવશે.

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

**૩.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ, અરજદારે તેમના સ્વ. પિતાશ્રી ( પીજીવીસીએલ ના મુળ ગ્રાહક શ્રી) નથુભાઈ હમીરભાઈ લગરીયા ના નામનુ, તેઓના ગામ : મોટા આસોટા ખાતે આવેલ, તા.૧૦–૦૬–૨૦૦૮ ના રોજ કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૯૮૦/૦૦૧૫૩/૩, ને ( મુળ ગ્રાહક ) સ્વ. પિતાશ્રી નથુભાઈ હમીરભાઈ લગરીયા ના નામ પરથી, ફરીયાદી અરજદાર શ્રી સામતભાઈ નથુભાઈ લગરીયા (પુત્ર અને સીધીલીટી ના વારસદાર) ના નામ પર, નામ બદલી અને પુન: જોડાણ ચાલુ કરવાની, વિધીસર ની અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ રજુ કરીને, પીજીવીસીએલ ની જે તે સમય ની વડત્રા પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ હતી. પરંતુ, પીજીવીસીએલ ની સબંધક કચેરી ની બેદરકારી યુકત ભુલ ને કારણે, સદર નામ બદલી અને પુન: જોડાણ ના કેઈસ મા, કુલ રૂ.૫૦૦/– (રૂ. ૨૦૦/– + રૂ.૩૦૦/– = રૂ.૫૦૦/–) વસુલ થવાને બદલે, માત્ર રૂ.૩૦૦/– જ વસુલ થયેલ છે. જયારે, રૂ.૨૦૦/– પુન: જોડાણ ચાર્જ વસુલ થયેલ ન હોય, આવા , પીજીવીસીએલ ની સબંધક કચેરી ની બેદરકારી યુકત કારણોસર, અરજદાર શ્રી નો સદર કેઈસ, જુન–૨૦૦૮ થી આજદિન સુધી પીજીવીસીએલ કક્ષાએ પડતર રહેલ છે.

| | |
|---|---|
| **૩.૨** | જેથી હવે, સદર કેઈસ – જે તા.૧૦–૦૬–૨૦૦૮ ના રોજ ના કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૯૮૦/૦૦૧૫૩/૩ – ને નામ બદલી સાથે પુનઃ ચાલુ કરવાની અરજી સ્વીકારવા સબબ ની નિયમાધીન બાબત હેઠળ આવરી લેવા સબબ નો હોય, પીજીવીસીએલ પક્ષકાર ને, ઉપરોકત મુદદા નં. ૩.૧ મા દર્શાવેલ વિગતે ની બેદરકારી યુકત ભુલ ને, ભુલ સુધારણા ની કાર્યવાહી હેઠળ, અત્યંત તાકીદ ની કાર્યવાહી હેઠળ, જે વર્તુળ કચેરી કક્ષાની સીધી નિગેહબાની હેઠળ આવરી લઈ, અને અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલવી, અને બાકી રહેતો નોઘણીચાર્જ રૂ.૨૦૦/– જે, જરૂરી નિયત અરજી ફોર્મ અને નિયમાધીન દસ્તાવેજીક પેપર્સ સાથે ની, નિયત અરજી પત્રક સાથે ની વિધીસર ની અરજી સાથે, નોઘણીચાર્જ વસુલ કરીને, તે મુજબ, સદર કેઈસ મા, નામ બદલી અને પુનઃ જોડાણ સબંધક, ઘટતા એવા નિયમાધીન તમામ દસ્તાવેજીક પેપર્સ મેળવીને, – તે મુજબ સદર નામ બદલી અને પુનઃ જોડાણ મુજબ નો સઘન કેઈસ, જે વર્તુળ કચેરી ના સીધા માર્ગદર્શન અને દોરવણી હેઠળ બનાવી, દિન–૧૫ મા નામ બદલી અને પુનઃ જોડાણ ની મંજુરી, વર્તુળ કચેરી મારફતે આપવા માટે નો આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર નામ બદલી અને પુનઃ જોડાણ નો કેઈસ, દિન–૧૫ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ મંજુર કરવા સબબ નો આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..